## ધ્યાન સાધક

# પૂ. ગુરૂદેવ હસમુખમુનિ મ.સા.



સૌરાષ્ટ્રની ધીંગી ધરાપર, સાતલ્લી નદીના કિનારે વસેલું બગસરા ગામ, જ્યાં અનેક શ્રેષ્ઠીવર્યો વસે, સંતોના આવાગમન થી ધાર્મિક વાતાવરણ શ્રેષ્ઠીવર્ય શ્રી મોહનલાલ મૂળજીભાઈ પારેખના કુળમાં માતા નર્મદાબહેનની કુક્ષિએ તા. ૧૬.૧૨.૧૯૪૩ના શુભ દિને શ્રી હસમુખભાઈનો જન્મ થયો.

## પૂ. ગુરુદેવ શ્રી હસમુખજી મ.સા.નો જીવન પરિચય...

પ્રારંભિક અભ્યાસ બગસરામાં થયો, ત્યાર બાદ કર્મક્ષેત્ર ભીવંડીમાં આપ્યા. છ ભાઈઓ અને પાંચ બહેનોના વિશાળ પરિવારમાં ઉછરેલા તથા દાદાગુરુ સૌરાષ્ટ્રકેશરી પૂ. પ્રાણલાલજી મ.સા.ના સત્સંગથી ધર્મસંસ્કારોથી પ્લાવિત અંત:કરણયુક્ત શ્રી હસમુખભાઈ વૈરાગ્ય રંગે રંગાયા.

તા. ૩૧.૫.૧૯૬૪ના શુભ દિને તપ સમ્રાટ પૂ. ગુરુદેવ રતિલાલજી મ.સા.ના વરદ્ હસ્તે ઘાટકોપર હિંગવાલાલેન શ્રી સંઘમાં સંયમ સ્વીકાર્યો.

જૈન શાસ્ત્રો, ન્યાયશાસ્ત્ર, દ્રવ્યાનુંયોગ, જ્યોતિષશાસ્ત્ર તથા વાસ્તુ શાસ્ત્ર... વિ.નું. બહોળું જ્ઞાન સંપાદન કર્યું. પ્રવચન પ્રભાવનામાં ખુબ કુશળતા, તેમની પ્રાર્થના સાંભળવી એ જીવનનો લ્હાવો ગણાય. એમનું લક્ષ્ય આત્માર્થભાવનું રહ્યું. ઘાટકોપર, માટુંગા, ફોર્ટ, વેરાવળ, માંગરોળ, બિલબા, મહારાષ્ટ્રમાં પુના, અહમદનગર, નાસિકરોડ, આકોલા, ઇંદોર વિ. ક્ષેત્રોમાં ચાતુર્માસ કર્યા. તેઓના ભવ્યાતિભવ્ય ચાતુર્માસોને લોકો આજે પણ યાદ કરે છે.

સં. ૧૯૭૮માં ધ્યાનસાધનાના લક્ષ્યથી અનકાઈ પધાર્યા. દોઢ વર્ષ ગુફામાં રહી ધ્યાનસાધના કરી, માત્ર દુધ અને પાણી વાપરતા. ત્યારબાદ આરાધના ઉધ્ધાન ધ્યાન કેન્દ્ર બન્યું. ઘણા વર્ષો સુધી માત્ર મગ અને મગનું પાણી પર રહયા. છેલ્લા ૩૧ વર્ષથી એમની અવિરત સાધના ચાલુ છે, છ મુમુક્ષુબ્હેનો સાધનાના લક્ષ્યથી પૂ. ગુરુદેવના સાનિધ્યમાં રહે છે. પૂ. ગુરુદેવના સાનિધ્યે પૂ. લાભઋષિજી મ.સા.નો, પૂ. પ્રશાંતમુનિ મ.સા.નો પૂ. લવિંગાબાઈ મ. તથા પૂ. બા. બ્ર. ભારતીબાઈ મ.નો સંથારો થયો. છેલ્લા દશ વર્ષથી એમના આજ્ઞાનુવર્તિની સાધ્વીજીઓ શેષકાળમાં પૂ. ગુરુદેવના ધ્યાન-પ્રવચનોનો લાભ લે છે. કેટલાક શ્રાવક - શ્રાવિકાઓ પણ ધ્યાનસાધનાના લક્ષ્યથી આવે છે. અનકાઈ જાણે તીર્થક્ષેત્ર બની ગયું !

**ધન્ય હો ! આવા ધ્યાનસાધક સંતરત્નને !!!!!**